**Appendix - VIII**

CENTRE OF ADVANCED STUDY IN EDUCATION
FACULTY OF EDUCATION & PSYCHOLOGY
THE M.S. UNIVERSITY OF BARODA
VADODARA - 390 002

માર્ગદર્શક :
ડૉ.આર.જી. કોઠારી
રીડર ઈન એજ્યુકેશન
એમ.એસ. યુનિવર્સિટી,
વડોદરા.

પ્રયોજક :
અંજલિ મહેતા
પીએચ.ડી. વિદ્યાર્થીની

સાહેબશ્રી / બહેનશ્રી

હું પીએચ.ડી. ની વિદ્યાર્થીની છું. મારા પીએચ.ડી. સંશોધનનો વિષય છે, "AN EXPLORATORY STUDY OF GUJARATI LANGUAGE TEACHING IN UPPER PRIMARY SCHOOLS OF BARODA CITY".

આ સાથે અવલોકન નોંધ પત્રક ( Observation Schedule ) તૈયાર કરેલ છે તે અંગે આપ એક નિષ્ણાંત તરીકે અભિપ્રાય દર્શાવશો. આપના સૂચનો મારે માટે ખૂબજ ઉપયોગી થશે.

આભાર,

લિ.,
આપની વિશ્વાસુ,

**(અંજલિ મહેતા)**

નોંધ : મારા સંશોધન નાં હેતુ ક્રમાંક - ૨ માટે આ Observation Schedule તૈયાર કરેલ છે. મારા સંશોધન ના હેતુઓ નીચે પ્રમાણે છે.

(1) To study the clarity of observations of teaching Gujarati an the part of teachers.

(2) To study the teaching procedure followed by the teachers in teaching Gujarati with respect to.

   (a) Variousskills of Gujarati teaching.
   
   (b) Various methods and techniques of teaching Gujarati.
   
   (c) Use of audio Visual aids.

(3) To study the achievement of students in subject of Gujarati.

(4) To study the problem faced by the teacher in teaching Gujarati.

(5) To identify comman errors committed by students in writing Gujarati.

(6) To study the opinion of teachers and experts about teaching Gujarati.

નોંધ : ગુજરાતી શિક્ષણ ના હેતુઓ આ સાથે સામેલ છે.

**ગુજરાતી શિક્ષણના હેતુઓ :**

(ધોરણ ૧ થી ૭ ના નવા પાઠયક્રમ ગુજરાત રાજય ૧૯૮૭ થી ક્રમશ : અમલ મુજબ)

૧. **શ્રવણ કૌશલ્ય**

વિદ્યાર્થી :

- ધીરજ પૂર્વક તેમજ ધ્યાનપૂર્વક સાંભળે.
- વકતાના કથનમાં રહેલાં વ્યંગ, વિનોદ, ભાવના વગેરેને સમજે.
- વકતા પ્રત્યેની અભિમુખતા કેળવી યોગ્ય ઝડપને અનુસરે
- માતૃભાષાના સ્વરો અને વ્યંજનોમાં ઉચ્ચાર ભેદ પારખે.
- શબ્દના અને ભાષાના વિવિધ પ્રયોગોના અર્થ સમજે.
- કથનનું સાર ગ્રહણ કરે.
- લિપિચિહ્નો અને તેના ધ્વનિ સાથે તેઓ સંબંધ પ્રસ્થાપિત કરતાં શીખે.

૨. **કથન કૌશલ્ય**

- યોગ્ય ઝડપે બોલે
- સંવાદાત્મક અભિનયમાં ભાગ લે
- યોગ્ય શબ્દોની પસંદગી કરી રજૂઆત કરે
- અચકાયા વિના અર્થાનુસારી રીતે બોલવાની ક્ષમતા કેળવે
- યોગ્ય વાકય રચનાનો ઉપયોગ કરે
- કોઈ અભિપ્રાય કે હકીકત ને પોતાની રીતે મૂલવે અને તે અંગે સ્વતંત્ર અભિપ્રાય આપે.

૩. **વાચન કૌશલ્ય**

- પુસ્તકને યોગ્ય રીતે પકડી તથા પુસ્તક અને આંખ વચ્ચે યોગ્ય અંતર રાખીને વાંચે
- યોગ્ય ઝડપે અને અર્થભાવનું વહન થાય તે રીતે વાંચે
- વિરામ ચિહ્નોનો ખ્યાલ રાખી મુખવાંચન કરે.
- નિબંધ, કવિતા, વાર્તા, નાટક વગેરેનું યોગ્ય રીતે મુખવાંચન કરે.
- સમુચિત ગતિ અને અર્થ બોધ સાથે મૂકવાંચન કરે
- ધ્યાન પૂર્વક અને સાવધાની સાથે વાંચવાની આદત વિકસાવે

૪. **લેખન કૌશલ્ય**

- વ્યવસ્થિત રીતે અને સુઘડ રીતે લેખન કાર્ય કરવાની ટેવ પાડે
- એકવડી લીટીની નીચે લખવાની ટેવ પાડે
- મરોડદાર અક્ષરોથી યોગ્ય ઝડપે, સ્વચ્છતા અને સુઘડતા જાળવીને લખે
- યોગ્ય વિરામચિહ્નો નો સમુચિત ઉપયોગ કરી લખે

- અનુલેખન ની તાલીમ મેળવે
- શુદ્ધ જોડણી જાળવવા ખિસ્સાકોશની જોવાની આવડત વિકસાવે
- લિપિના ચિહ્નો જ વાપરે
- કથાનુસાર, વર્ણનાત્મક, કલ્પનાત્મક અને વિચાર પ્રધાન લખાણો લખે
- ઔપચારિક તેમજ અનૌપચારિક બન્ને પ્રકારના પત્રો લખે
- સંવાદ લખે

૪. **ભાવાત્મક કૌશલ્ય :**

- ભાષાની કૃતિઓમાં નિરુપિત થયેલ વિચાર, ભાવ, સંવેદના સમજે તેનું અર્થગ્રહણ કરે
- કૃતિઓનો રસાસ્વાદ પામે
- કૃતિઓનો કેન્દ્રવર્તી વિચાર સમજે
- કાવ્યમાં પ્રગટ થતાં લય, લાગણી અને વિચાર ભાવ સમજે તથા જાણે
- નવા શબ્દો, શબ્દ સમૂહો, રૂઢિપ્રયોગો, લોકોક્તિઓ, કહેવતો વગેરેના અર્થ અનુબંધ દ્વારા સમજે

---

નોંધ : દરેક વિધાન સામે હા કે ના / યોગ્ય, મધ્યમ, નબળું જેવા વિકલ્પો આપી શકાય ? આ અંગે આપના મંતવ્યો ખાસ જરૂરી છે. તો તે અંગે વિચારી સુચનો જણાવશો.

# અવલોકન નોંધ પત્રક



૧. ગદ્ય / પદ્ય / વ્યાકરણ નો વર્ગ :

૨. પાઠ કે એકમ જે શીખવવાનો છે તે :

**I પ્રસ્તાવના**

૧. પ્રસ્તાવના વિષયને અનુરૂપ થઈ છે ?

૨. શિક્ષક વિદ્યાર્થીઓમાં રસ જાળવી શક્યા છે ?

૩. પૂર્વજ્ઞાનના આધારે હાલના જ્ઞાનનું જોડાણ યોગ્ય રીતે કરી શક્યા છે ?

૪. શિક્ષક વિદ્યાર્થીઓને કંઈક નવું શીખવવા માટે પહેલ કરી શક્યા છે ?

૫. ગુજરાતીના શિક્ષક તરીકે પ્રસ્તાવનામાં ગદ્ય / પદ્ય ના પાઠોમાં નીચેની રીતો અપનાવે છે.

- પ્રસતાવના લેખક / કવિ દ્વારા માપવામાં આવતા ભાવ કે સંદેશ ને આધારિત પ્રસ્તાવનામાં શિક્ષક વિદ્યાર્થી સ્વતંત્ર રીતે વિચારો રજૂ કરી શક્યા છે ?
- પ્રસ્તાવનાની પ્રશ્નોત્તરી અસરકારક છે ?
- પ્રસ્તાવના વિદ્યાર્થીની માનસિક કક્ષા ધ્યાનમાં લઈ સરળ થી સંકુલ તરફ થાય છે.

૬. પ્રસ્તાવનામાં નીચેની રીતો (પ્રવિધિઓ) અપનાવી છે ?

- પ્રસ્તાવના ઉદાહરણો આપીને કરે છે
- પ્રસ્તાવના પ્રશ્નોત્તરીથી કરે છે
- પ્રસ્તાવના સમજૂતી દ્વારા થઈ છે
- પ્રસ્તાવના વાર્તાકથન થી શરૂઆત થઈ છે.
- પ્રસ્તાવના નાટ્યભૂમિકા દર્શન થી શરૂઆત થઈ છે
- પ્રસ્તાવના ઐતિહાસિક ભૂમિકા, મહત્ત્વની ઘટના ને આધારે પ્રસ્તાવના થઈ છે.
- પ્રસ્તાવના દ્રશ્ય શ્રાવ્ય સાધનો ની ઉપયોગ કરીને પ્રસ્તાવના કરી છે.
- પ્રસ્તાવના નોલેજ લેવલ ( Knowledge level ) પ્રશ્નો થી થઈ છે ?
- પ્રસ્તાવના અંડરસ્ટેન્ડીંગ ( Understanding level ) પ્રશ્નો થી થઈ છે ?
- પ્રસ્તાવના એપ્લીકેશન લેવલ ( Application level ) પ્રશ્નો થી થઈ છે ?

**II શિક્ષણની પદ્ધતિઓ**

**ગદ્ય / પદ્ય**

**II (i) આદર્શ વાચન / ગાન**

૧. શિક્ષક પઠનું વાચન કે ગાન ભાવવાહી રીતે અને સ્વભાવિકતાથી કરે છે.

૨. શિક્ષક વાચન ગાન દરમ્યાન અટ્કસ્થાનો જાળવી શકે છે ?

૩. શિક્ષક વાચન કે ગાન યોગ્ય ઝડપે પૂરો કરી શક્યા છે ?

૪. શિક્ષકવાચન શુદ્ધ ઉચ્ચાર પૂર્વક અને લયબધ્ધ આરોહ-અવરોહ પૂર્વક રીતે કરે છે.

૫. અગેયકાવ્યોનું શિક્ષક ભાવવાહી રીતે વાચન કરે છે.

૬. શિક્ષક વાચન કે ગાન વખતે વર્ગનું વાતાવરણ શાંત રાખી શકેછે.
૭. વાચન કે ગાન વખતે શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ નજર રાખીને કરે છે.
૮. શિક્ષક વાચન વખતે વિષયવસ્તુ ને આધારિત હાવભાવ જાળવી શકે છે.

II (II) ચર્ચા

૧. વિદ્યાર્થીની મદદ લઈ શિક્ષક ચર્ચા ની શરૂઆત કરે છે.
૨. શિક્ષક પ્રશ્નોત્તરી થી ચર્ચા કરે છે.
૩. સવિસ્તાર વર્ણન દ્વારા ચર્ચા કરે છે.
૪. ચર્ચા દરમ્યાન આવશ્યક ઉદ્દાહરણો આપી સમજાવે છે.
૫. કાવ્ય કે પાઠ ની પંક્તિઓની દરેક પક્તિઓ લઈ ચર્ચા કરે છે.
૬. સંદર્ભ પંક્તિનો ઉપયોગ કરીને કાવ્યનો ભાવ વધુ સ્પષ્ટ કરવા પ્રયત્ન કરે છે.
૭. કૃતિઓનો રસાસ્વાદ વિદ્યાર્થીઓ માણી શકે તેવું વાતાવરણ શિક્ષક જન્માવી શકે છે.
૮. ભાષાનું માધુર્ય, શૈલીનું જ્ઞાન શિક્ષક આપે છે.
૯. પાઠ કે કાવ્યની ગહનતા અને વિચારોનું ઉંડાણ વિદ્યાર્થી પામી શકે તે માટે શિક્ષક તર્કબધ્ધ ક્રમિકતા દાખવીને પ્રશ્નો પૂછે છે.
૧૦. કાવ્યના બંધારણનો ખ્યાલ આપે છે.
૧૧. કાવ્યની શૈલીનો ખ્યાલ આપે છે.
૧૨. કાવ્યના ભાવ પલટાનો ખ્યાલ આપે છે.
૧૩. કવિના સચોટ સંદેશ નો નિર્દેશ ધ્યાનમાં રાખે છે.
૧૪. કાવ્યની ચર્ચા કાવ્યના ભાવને પુષ્ટી આપતી અગત્યની પંક્તિઓ શિક્ષક ગાઈને કે વાંચીને યોગ્ય રીતે કરે છે.
૧૫. એકમમાં રજૂ થતાં હાસ્યરસ ની ચર્ચા કરે છે.
૧૬. એકમમાં રજૂ થતાં કટાક્ષભાવની ચર્ચા કરે છે.
૧૭. એકમમાં રજૂ થતાં સમાજ દર્શન, રાષ્ટ્ર કે વિશ્વના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરે છે.
૧૮. શિક્ષક નવા શબ્દો નો ઉલ્લેખ ચર્ચા દરમ્યાન જ્યાં જરૂર હોય ત્યાં રજૂ કરી શકયા છે.
૧૯. રૂઢિપ્રયોગો નો ઉલ્લેખ ચર્ચા દરમ્યાન જ્યાં જરૂર હોય ત્યાં શિક્ષક રજૂ કરી શકયા છે.

**શ્રવણ કૌશલ્યની ખીલવણી નીચેના દ્વારા થાય છે.**

૨૦. કાવ્ય, વાર્તાઓ, વર્ણન, વિવેચન સંભળાવે છે.
૨૧. મૌખિક રૂપેઆપવામાં આવેલી સૂચનાને ફરી ફરી યાદ કરાવે છે.
૨૨. સ્થાનિક બોલી ને બદલે માન્ય ભાષાનો ઉપયોગ કરે છે.

**કથન કૌશલ્ય ની ખીલવણી નીચેના દ્વારા થાય છે.**

૨૩. વિદ્યાર્થી દ્વારા બોલાતી અશુધ્ધ ભાષાને શુદ્ધ ઉચ્ચારણ માટે ટકોર કરે છે.
૨૪. ગભરાઈ ને બોલતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત વાચન વખતે કરે છે.
૨૫. પરિસ્થિતિઓને અને ઘટનાઓનું વર્ણન કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

**વાચન કૌશલ્ય ની ખીલવણી નીચેના દ્વારા થાય છે.**

૨૬. વિદ્યાર્થીઓને અનુકરણ વાચન તરફ દોરે છે.

૨૭. શબ્દો અને વાકયોને શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચવા પ્રેરે છે.

**લેખન કૌશલ્ય ની ખીલવણી નીચેના દ્વારા થાય છે.**

૨૮. યોગ્ય રૂપ અને અંતર સાથે લખવા માટે પ્રેરે છે.

૨૯. સાચી જોડણી લખવા ધ્યાન આપે છે.

૩૦. સુંદર હસ્તાક્ષર માટેની પ્રેરણા આપે છે.

**સમગ્ર ચર્ચા દરમ્યાન .....**

૩૧. શિક્ષક દ્વારા પૂછાયેલા પ્રશ્નોમા વિદ્યાર્થી યોગ્ય પ્રતિભાવ આપે તેની રાહ જુએ છે.

૩૨. વિદ્યાર્થી દ્વારા અપાતા પ્રતિભાવમા શિક્ષક પ્રોત્સાહક શબ્દો જેવા કે શાબાશ, સુંદર, સરસ, બોલો, ગભરાઓ નહિ તો ઉપયોગ થાય છે.

૩૩. શિક્ષક નકારાત્મક વલણ રાખે છે જેવાં કે 'આટલું નથી આવડતું', 'વારંવાર કહેવું પડે છે.'

૩૪. શિક્ષક વિદ્યાર્થી જાતે પોતાના પ્રતિભાવોનું મૂલ્યાંકન કરે તે માટે પ્રેરે છે.

૩૫. વિદ્યાર્થીઓ બીજી અનેક જગ્યાએથી માહિતી મેળવે તે માટે સલાહ કે માર્ગદર્શન આપે છે.

**ચાર્ટ નો ઉપયોગ ગદ્ય / પદ્ય માં નીચેની બાબતોમાં થાય છે.**

૩૬. ગદ્ય કે પદ્ય માં આવતા રેખાચિત્રો માટે

૩૭. ગદ્ય કે પદ્ય ના તુલનાત્મક અભ્યાસ માટે

૩૮. જોડણી ના નિયમોની યાદી બનાવવા માટે

૩૯. ફ્લેશ કાર્ડઝનો ઉપયોગ વ્યાકરણ શિક્ષણના પુનરાવર્તન માટે કરે છે.

૪૦. ફલકસના ઉપયોગ લોકગીતો અને રાસનો પરિચય આપવા માટે

૪૧. નવાં શબ્દોને મોડેલ્સ દ્વારા સમજાવવામાં

**નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરે છે.**

- પ્રશ્નો પૂછીને
- કાવ્યગાન કરાવીને
- શિર્ષકની યથાર્થતા લખવા આપીને
- બોધ લખવા આપીને
- પાઠ કે કાવ્ય નું રહસ્ય લખવા આપી ને
- લેખક / કવિ ની શૈલી લખવા આપી ને
- લેખક / કવિનું દ્રષ્ટિબિંદુ લખવા આપીને
- એકમ ની ખૂબીઓ લખવા આપીને
- વ્યક્તિગત વાચન કરાવીને

**શિક્ષક ગૃહકાર્ય નીચેની રીતે આપે છે.**

- પાત્ર પરિચય લખવા આપે છે.
- પાઠ પર આધારિત લેખનકાર્ય આપે છે.
- બોધ લખવા આપીને
- વિચાર વિસ્તાર આપે છે.
- લેખકના જીવન કથન નો અભ્યાસ આપે છે.
- પાઠ ને પૂરક વિશેષ વાચન આપે છે.
- સમાન કે વિરોધી ભાવવાળા કાવ્યો શોધવા આપે છે.
- લેખક / કવિ ની જુદી જુદી રચનાઓ વિશેની માહિતી ભેગી કરવા આપે છે.
- શબ્દકોશ દ્વારા વિશિષ્ટ શબ્દોના જુદા જુદા વિશેષણ પર્યાયવાચી શબ્દો શોધવા આપે છે.

**કાળા પાટિયાનું કાર્ય**

- શિક્ષક મરોડદાર સુંદર અક્ષરે લખે છે.
- શિક્ષક થી જોડણીની ભૂલો થાય છે.
- લખાણ આકર્ષક છે
- તુલનાત્મક અભ્યાસ માટે ઉપયોગ કરે છે.

## વ્યાકરણ નું શિક્ષણ

**પ્રસ્તાવના :**

૧. શિક્ષક વિદ્યાર્થીઓએ શીખી ગયેલા કોઈ પાઠના વાકયો કે તેનો ફકરો રજૂ કરી પ્રસ્તાવના કરે છે.

૨. શિક્ષક પૂર્વજ્ઞાન ના આધારે હાલના જ્ઞાનનું જોડાણ યોગ્ય રીતે કરી શકે છે.

૩. શિક્ષક વ્યાકરણના નવા શીખવતા મુદ્દાને સંબંધ ધરાવતી વ્યાકરણની વિગતોનું વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન ના આધારે પ્રશ્નોની ચર્ચા કરે છે.

૪. વ્યાકરણ શિક્ષણમાં નીચેની પ્રવિધિ (રીતો) અપનાવે છે.

- ઉદાહરણો આપી ને
- સમજૂતી દ્વારા
- પ્રશ્નોત્તરી દ્વારા

શિક્ષક વ્યાકરણ શીખવવાના નવા મુદ્દા ના સ્વરૂપને લક્ષમાં રાખી પાઠય પુસ્તકમાંથી શીખી ગયેલાં વાકયો / ફકરાની કા.પા. પર રજૂઆત કરે છે.

વ્યાકરણ શીખવવા આગમન અભિગમ નો ઉપયોગ કરે છે.

વ્યાકરણ શીખવવા નિગમન અભિગમની ઉપયોગ કરે છે.

૫. વ્યાકરણ શિક્ષણના પાઠ દરમ્યાન :

- ચાર્ટ નો ઉપયોગ
- ફલેશ કાર્ડ નો ઉપયોગ
- ટેપ નો ઉપયોગ
- શિક્ષક શીખી ગયેલા નવા મુદ્દાના દ્રઢીકરણ માટે પાઠમાંથી ફકરા / વાક્યો લઈ કા.પા. પર નોંધ કરે છે.
- શિક્ષક વિદ્યાર્થી દ્વારા નવા મુદ્દાની ઓળખ કઢાવી ચર્ચા ને અસરકારક બનાવે છે.
- અગાઉ શીખી ગયેલા સંબંધિત મુદ્દાની સાથે નવા મુદ્દા ના ઉદાહરણો આપી વાક્યનું પરીક્ષણ કરે છે.
- શીખી ગયેલા મુદ્દા ને આધારિત આપે છે.